# ગુજરાત સ્ટેટ એલિજીબીલિટી ટેસ્ટ

## GSET અભ્યાસક્રમ

**વિષય : ભારતીય સંસ્કૃતિ (Indian Culture)** કોડ નં : ૩૪

**અભ્યાસક્રમ**

**એકમ - ૧**

સંસ્કૃતિનો અર્થ અને વિભાવનાઓ :

સંસ્કૃતિના પરંપરાગત અને આધુનિક વિભાવનાઓ - ગ્રંથસ્થ પરંપરામાં સંસ્કૃતિની વિભાવનાઓ, 'સંસ્કૃતિ' શબ્દની નૃવંશશાસ્ત્રીય, પુરાતત્ત્વીય અને સમાજશાસ્ત્રીય સમજ. સંસ્કૃતિના તત્ત્વો, ભારતીયતાનો ખ્યાલ અને મૂલ્ય વ્યવસ્થા. સંસ્કૃતિ અને સભ્યતા વચ્ચેનો સંબંધ. ભારતીય સંસ્કૃતિના અભ્યાસના અભિગમો અને ઇતિહાસલેખન– રૂઢિચુસ્ત ખ્યાલો, વસ્તુલક્ષીતા અને પૂર્વગ્રહ, સામ્રાજ્યવાદી, રાષ્ટ્રવાદી, માર્ક્સવાદી અને સબલ્ટર્ન (નિમ્નવર્ગીય). ભારતનો વારસો અને વિશ્વ પર ભારતીય સંસ્કૃતિનું ઋણ.

**એકમ – ૨**

ભારતીય સંસ્કૃતિના અભ્યાસના સ્ત્રોતો :

પુરાતત્વીય: સાંસ્કૃતિક અવશેષો, સ્મારકો, સિક્કાશાસ્ત્ર, અભિલેખશાસ્ત્ર; સાહિત્યિક સ્ત્રોતો અને મૌખિક પરંપરાઓ; વિદેશી વૃત્તાંતો; અભિલેખાગાર સ્ત્રોતો.

**એકમ – 3**

પ્રાગૈતિહાસિક અને આધ-ઐતિહાસિક સંસ્કૃતિઓ :

પાષાણ યુગની સંસ્કૃતિઓ- પુરાપાષાણ, મધ્યપાષાણ અને નવપાષાણ; આધ-ઐતિહાસિક સંસ્કૃતિઓ - તામ્રપાષાણ ક્ષિતિજ, હડપ્પીય સંસ્કૃતિ- નામકરણ અને લિપિ અંગેના વર્તમાન વિવાદો, નગર આયોજન અને સ્થાપત્ય, કલા, સામાજિક, ધાર્મિક અને આર્થિક જીવન. ભારતના મુખ્ય ભાષા પરિવારોની ઉત્ક્રાંતિ.

## <u>એકમ – ૪</u>

<u>વૈદિક અને ઉત્તર-વૈદિક સમયગાળો :</u>

પ્રારંભિક વૈદિક અને ઉત્તર-વૈદિક વિચારો અને સંસ્થાઓ, સામાજિક, ધાર્મિક, આર્થિક, રાજકીય અને વૈજ્ઞાનિક. ઉત્તર વૈદિક– ધાર્મિક આંદોલનો અને રાજ્યોનો ઉદય, શ્રમણ પરંપરાઓ- બૌદ્ધ ધર્મ, જૈન ધર્મ, આજીવિક અને અન્ય સંપ્રદાયો. શિક્ષણ પ્રણાલી અને કેન્દ્રો– તક્ષશિલા અને કાશી.

## <u>એકમ – ૫</u>

<u>મૌર્ય અને મૌર્યોત્તર કાળ :</u>

વિચારો અને સંસ્થાઓ : સામાજિક, ધાર્મિક, આર્થિક અને રાજકીય. અશોકનો ધમ્મ. લિપિઓ- બ્રાહ્મી અને ખરોષ્ઠી. વિદેશી આક્રમણોની અસર. કલા અને સ્થાપત્ય. સાહિત્ય- અર્થશાસ્ત્ર, મનુસ્મૃતિ, નાટ્યશાસ્ત્ર, પંચતંત્ર, બુદ્ધચરિત અને સૌન્દરાનંદ. વૈજ્ઞાનિક સિદ્ધિઓ- નાગાર્જુન, સુશ્રુત અને ચરક. શિક્ષણ પ્રણાલી અને કેન્દ્રો. સંગમ યુગ- સમાજ અને સંસ્કૃતિ. બહારની દુનિયા સાથેના સંપર્કો.

## <u>એકમ - ૬</u>

<u>ગુપ્ત અને ગુપ્તોત્તર કાળ :</u>

વિચારો અને સંસ્થાઓ : સામાજિક, ધાર્મિક, દાર્શનિક, આર્થિક અને રાજકીય. વૈજ્ઞાનિક સિદ્ધિઓ- ગણિત, ખગોળશાસ્ત્ર, ધાતુશાસ્ત્ર. કલા અને સ્થાપત્ય- મંદિરોનો વિકાસ, અજંતા અને બાઘની ચિત્રકળા. સાહિત્ય- કાલિદાસ, બાણભટ્ટ, ભારવિ, માઘ, ભવભૂતિ, દંડી. પ્રમાણભૂત ગ્રંથો- વિષ્ણુ ધર્મોત્તર પુરાણ. શિક્ષણ પ્રણાલી અને કેન્દ્રો- નાલંદા, વલભી. બહારની દુનિયા સાથેના સંપર્કો.

## એકમ - ૭

પ્રારંભિક મધ્યકાલીન કાળ :

પ્રશિષ્ટ વિચારોનો વારસો અને નવા પ્રવાહોનો ઉદય : સમાજ- જ્ઞાતિઓનો વિસ્તાર, અંત્યજો, વિષ્ટિ, ગુલામી. સ્ત્રીઓનું સ્થાન. રાજ્યવ્યવસ્થા- સામંતશાહી. અર્થતંત્ર- વિશહેરીકરણ અને કૃષિ પ્રણાલી. ધર્મ : વૈદિક-પૌરાણિક, શ્રમણ પરંપરા, તંત્ર, ભક્તિ આંદોલનો. દાર્શનિક વિચારો- ષડ્દર્શન. દાર્શનિકો- શંકરાચાર્ય, રામાનુજાચાર્ય. તીર્થાટન પરંપરા. કલા અને સ્થાપત્ય- નાગર, દ્રવિડ, ભૂમિજ, વેસર. શિક્ષણ પ્રણાલી અને કેન્દ્રો- વિક્રમશિલા, નાલંદા વગેરે. વૈજ્ઞાનિક સિદ્ધિઓ- ગણિત, ખગોળશાસ્ત્ર. સાહિત્ય- કલ્હણની રાજતરંગિણી અને અલ-બિરુનીનું કિતાબ-ઉલ હિંદ. ઇસ્લામ સાથેના સંપર્કો. પ્રમાણભૂત સ્થાપત્ય ગ્રંથો- સમરાંગણ સૂત્રધાર, માનસાર, ભુવનપ્રદીપ, સાધનમાલા.

## એકમ – ૮

સલ્તનત કાળ :

દિલ્હી સલ્તનત - વિચારો અને સંસ્થાઓ : રાજકીય- ઇક્તા; નવા શાસક વર્ગની સમાજ પર અસર. આર્થિક- બજાર સુધારા, નવા શહેરી કેન્દ્રોનો વિકાસ, ગ્રામીણ વિસ્તારોમાં ઇસ્લામનો પ્રસાર, પ્રતિકાર અને સ્વીકાર. ગુલામીની વ્યાપ્તિ. ધર્મ- આચાર્ય પરંપરાઓ, ભક્તિ પરંપરા, કબીર અને રવિદાસ, સૂફીવાદનો ઉદય - ચિશ્તી અને સુહરાવર્દી. કલા અને સ્થાપત્ય- સલ્તનત સ્થાપત્ય અને ચિત્રકળાની શૈલીનો ઉદય, પ્રાદેશિક શૈલીઓ. ધાર્મિક અને બિનસાંપ્રદાયિક બાંધકામો. સાહિત્ય - સંસ્કૃત, ફારસી, પ્રાદેશિક ભાષાઓ અને હિંદવીનો ઉદય. અમીર ખુસરો, ચંદબરદાઈ. શિક્ષણ પ્રણાલી. વિજયનગર સામ્રાજ્ય : વિચારો અને સંસ્થાઓ - રાજકીય - નાયંકાર. કલા અને સ્થાપત્ય, સાહિત્ય. શૈક્ષણિક સંસ્થાઓ.

## **એકમ - ૯**

મુઘલ કાળ :

વિચારો અને સંસ્થાઓ : રાજ્યવ્યવસ્થા – મન્સબ અને જાગીર, વતન જાગીર, અર્થતંત્ર – જમીનદારી અને ઝબ્ત. સમાજ – ઉમરાવશાહી, મધ્યમ વર્ગોનો ઉદય, મજૂરો, ગુલામો. સ્ત્રીઓનું સ્થાન.

ધર્મ અને દર્શન - વૈષ્ણવ ભક્તિનો વિકાસ, સર્વેશ્વરવાદ અને સૂફી પરંપરાઓ. સુલહ-એ-કુલ, નક્ષબંદીઓ. ગુરુનાનક, ચૈતન્ય મહાપ્રભુ, મીરાંબાઈ, નારાયણભટ્ટ, રઘુનંદન. સાહિત્ય- સંસ્કૃત, ફારસી અને પ્રાદેશિક ભાષાઓમાં વિકાસ- તુલસીદાસ, સૂરદાસ, અબ્દુર રહીમ ખાન-એ-ખાના, અબુલ ફઝલ, ફૈઝી, બદાયુની, બનારસીદાસ (અર્ધકથાનક). અકબર અને દારા-શુકોહ દ્વારા ધાર્મિક ગ્રંથોનો અનુવાદ. કલા અને સ્થાપત્ય– મુઘલ શૈલીઓનો ઉદય; વૃંદાવનના મંદિરો– ગોવિંદ દેવ અને કેશવ દાસ મંદિર; ચારબાગ. અકબરના સમયથી નવા શૈક્ષણિક અભ્યાસક્રમની શરૂઆત - દર્સ-એ-નિઝામી. સિક્કાઓ, લઘુચિત્રો અને બાંધકામોમાં ધાર્મિક સમન્વયવાદ. વિજ્ઞાન અને ટેકનોલોજી – યાંત્રિક ઉપકરણોનો પરિચય, પિનડ્રમ ગિયરિંગ અને એસ્ટ્રોલેબ; સવાઈ જયસિંહની વેધશાળાઓ. યુરોપિયનોનું આગમન અને તેમની અસર – પોર્ટુગીઝ, સ્પેનિશ, ડચ, અંગ્રેજી, ફ્રેન્ચ.

## એકમ - ૧૦

આધુનિક કાળ :

અનુગામી રાજ્યોનો ઉદય અને સાંસ્કૃતિક વિકાસ : અયોધ્યા, હૈદરાબાદ, મૈસૂર, મરાઠા અને રાજપૂતાના. પાશ્ચાત્ય વિચારોની અસર અને ભારતીય પ્રતિભાવો : ભારતનો યુરોપિયન અભ્યાસ; વિલિયમ જોન્સ અને એશિયાટિક સોસાયટી; ફોર્ટ વિલિયમ કોલેજ; ખ્રિસ્તી મિશનરીઓનો પ્રભાવ. નવી શિક્ષણ પ્રણાલીનો ઉદય અને વિકાસ. ભારતીય સાંસ્કૃતિક પુનરુત્થાન. સામાજિક-ધાર્મિક સુધારણા આંદોલનો : સુધારાવાદી- બ્રહ્મો સમાજ, અલીગઢ આંદોલન, રામકૃષ્ણ મિશન અને થિયોસોફિકલ સોસાયટી; પુનરુત્થાનવાદી- વહાબી અને આર્ય સમાજ આંદોલન. દલિત આંદોલનો; શીખ સુધારણા આંદોલનો. વહીવટી પગલાં : સ્ત્રીઓ, શિક્ષણ અને સામાજિક બદીઓ પરના કાયદા. સાહિત્ય : 'શહરે આશોબ' નો ઉદય; ઉર્દૂ– મિર્ઝા ગાલિબ, અલ્લામા ઇકબાલ; હિન્દી- ભારતેન્દુ હરિશ્ચંદ્ર, પ્રેમચંદ; બંગાળી- બંકિમચંદ્ર ચેટર્જી, રવીન્દ્રનાથ ટાગોર, કાઝી નઝરુલ ઇસ્લામ. વિજ્ઞાન અને ટેકનોલોજી: આધુનિક વિજ્ઞાન અને ટેકનોલોજીનો ઉદય.